

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*આ પથ્થરબાજો નાણા સહાયથી લેવાઈ ગયા છે,*
*છે છાણના કીડા, ગંધ-ગંદકીથી હેવાઈ ગયા છે*
*ભેરવાઈ ગયા છે ભાંગફોડમાં અલગતાવાદી -*
*રાજકીય દુર્ગંધથી કાશ્મીરીઓ ટેવાઈ ગયા છે*
*(સૈન્ય હવે દુર્ગંધની ગોળીઓનો મારો ચલાવશે)*

હાઈકુ

*લાગી છે ભૂખ!*
*ઈજનેરી નજર -*
*શોધે છે 'કાટ'*
*(પાણીની લાઈનો બદલવી પડશે!)*

*છે શિરદર્દ!*
*મમતાબેન માટે -*
*ગોરખા લેન્ડ!)*
*(ચોર ને મળ્યા મોર)*

## ચિંતન

*માતુ પિતા ગુરુ સ્વામિ સિખ, સિર ધરિ કરહિં સુભાયં;*
*લહેઉ લાભુ તિન્હ જનમ કર, નતરુ જનમુ જગ જાયં ॥*

**ઉપરોક્ત સાખી તુલસી રામાયણમાંથી લેવામાં આવેલ છે.**

**જો કોઈ માતાપિતા, ગુરુ અને સ્વામીની શિખામણ માથા ઉપર ધારણ કરી તે પ્રમાણે વર્તે છે, તેમનો જન્મ સફળ થયો છે, નહિ તો તેઓ એ જન્મ વૃથા ગુમાવ્યો છે.**

**જીવનમાં વિનય-વિવેક અને આજ્ઞાંકિતપણું એ ત્રણ બાબતનું ખૂબ જ મહત્ત્વ છે આપણા શાસ્ત્રોમાં 'ગુરુ' માતાપિતા અને શેઠ-માલિકની વફાદારી અને આજ્ઞાપાલન સાથે તેમનો ખૂબ જ આદર કરવાની જ વાત છે.**

## સુવિચાર

- જે બહાર છે તેને તું અંદર ન જો, અને જે કૈં અંદર છે તે જ તું બહાર જો - **રમણ મહર્ષિ**
- બુદ્ધિપૂર્વક આચરેલો અન્યાય હિંસા કરતાં વધુ ભયાનક છે - **નિત્શે**
- માણસ ચમચીથી ખાવા માટે પાવડાથી એકઠું કરે છે - **અખંડ આનંદ**
- સદા પ્રિય બોલનારા સરળતાથી પ્રાપ્ત થાય છે,
  અપ્રિય છતાં હિતભર્યા વચનોના વક્તા અને શ્રોતા બંને દુર્લભ હોયછે - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાની જાતને સમજ્યા વગર ઈશ્વરને શોધી શકાય નહિ - **વિવેકાનંદ**
- સજ્જનનો ક્રોધ એક ક્ષણ ટકે, સાધારણ માણસનો બે કલાક,
  નીચ માણસનો એક દિવસ અને મહાપાપીનો મરતાં સુધી - **શૈલેષ ઠાકર**
- આજનું ઔષધ : જૂનો ગોળ અને ભોયરીંગણીના ઉકાળામાં પાંચ મીલી દિવેલ નાખી પીવાથી શ્વાસની તકલીફમાં રાહત થાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

લોકમાન્ય તિલક અને એમના મિત્ર આગરકર કૉલેજ પૂરી કરી. બે યુવાનોએ નક્કી કર્યું કે પોતાના દેશ બાંધવો ને ઓછે ખરચે દેશના વિકાસને પોષક થાય તેવી કેળવણી આપવા માટે સારુ ને સાચું શિક્ષણ આપતી શિક્ષણસંસ્તા સ્થાપવી. બે યુવાન મિત્રો આ બાબતે ન્યાયમૂર્તિ રાનડેની સલાહસૂચન લેવા ગયા. જયારે રાનડે સાહેબ સાથે આ ચર્ચા ચાલી તે સમયે એમની ઑફિસમાં એક ગૃહસ્થ પણ બેઠા હતા, તેમણે આ યુવાનોની વાત સાંભળી હતી. જયારે તિલક અને આગરકર ચર્ચા પૂરી કરી ને નિકળી ગયા પછી પેલા ગૃહસ્થ રાનડે સાહેબને સંબોધીને બોલ્યા, 'આ જુવાનીયાઓને દુનિયાનો કોઈ અનુભવ નથી, પાસે કોઈ સાધન નથી, કોઈ ઓળખાણ નથી છતાં વાતો મોટી મોટી કરે છે, તેઓ સફળ થશે શી રીતે ? નકામા શિક્ષણસંસ્થા ખોલીને વગોવશે.' ગૃહસ્થની વાત સાંભળી રાનડેએ કહ્યું, 'અત્યાર સુધીની પેઢીઓ માત્ર નવરાશના વખતમાં કોઈ લોકસેવા, સમાજ સેવાનું કાર્ય કરતી આવી છે. આ જુવાનિયાઓ તો પોતાનું સમગ્ર જીવન સારા હેતુ માટે અર્પણ કરવા તૈયાર થયા છે. ધારો કે તેઓ યશસ્વી ન થયા તો પણ તેમની ભૂલો પણ અન્ય યુવાનોને સમાજને માર્ગદર્શક નીવડશે.' ગૃહસ્થ રાનડે સાહેબની વાત સાંભળી મૌન જ રહ્યા.

# હવે, તો યુદ્ધ એ જ કલ્યાણ..!

તંત્રીસ્થાનેથી...

ભારતીય સંસ્કૃતિના શ્રદ્ધાશિખર સમી અમરનાથ યાત્રા પરના આતંકી હુમલાથી સમગ્ર દેશ હચમચી ગયો છે. આતંકવાદી હુમલામાં આઠ શ્રદ્ધાળુઓના કરૂણ મૃત્યુ થયા અને ૧૯ થી વધુ યાત્રીકો અને છ સુરક્ષા કર્મીઓને થયેલ ઈજાઓ ચિંતાજનક છે. વારંવાર થતા આતંકી હુમલાઓમાં નિર્દોષો જાન ગુમાવે છે અને બહાદુર જવાનો શહીદી વ્હોરે છે. પ્રધાનમંત્રીથી લઈ સરપંચ સુધીના પદાધિકારીઓ ઘટનાને વખોડતા નિવેદનો કરે છે. જાતજાતના કાર્યક્રમો કરે છે. પરંતુ પરિણામલક્ષી કંઈ થતું નથી તે વધુ ચિંતાજનક છે. કયાં સુધી નિવેદનોથી જ ચલાવવાનું છે? કયાં સુધી ન્યૂઝ ચેનલોમાં ભાષણો સાંભળવાના છે? સત્તા પર હોય કે ન હોય તે સૌ નેતાઓએ કાન ખોલીને સાંભળી લે કે હવે દેશવાસીઓની ધીરજ ખૂટી છે. હવે નક્કર પગલાંની અનિવાર્યતા છે. જે ભાષામાં સમજે તે ભાષામાં જવાબ આપવાનો સમય આવી પહોંચ્યો છે. હવે માત્ર લુખ્ખા આશ્વાસનોથી નહીં ચાલે... હવે યુદ્ધ જાહેર કરો... આરપારની લડાઈ લડી નાખવાનો પડકાર ઝીલવા સિવાય કોઈ વિકલ્પ બચતો જ નથી - હવે, તો યુદ્ધ એ જ કલ્યાણ! પવિત્ર ચાતુર્માસ દરમિયાન શ્રદ્ધાળુ હિંદુઓમાં યાત્રાનો જે મહિમા છે એથી આતંકવાદીઓ અજાણ્યા નથી. એમાં પણ કાશ્મીરમાં બિરાજેલા 'બરફાની બાબા'ના હુલામણા નામે જાણીતા અમરનાથની યાત્રા માટે તો એક પ્રકારની ઘેલછા જ જોવા મળે છે. કૈલાસ માનસરોવર જેવી જ આ કઠિન યાત્રામાં યાત્રાળુઓ એટલી મોટી સંખ્યામાં ઊમટે છે કે તંત્ર માટે એમની વ્યવસ્થા અને સવિશે, આખો વિસ્તાર આતંકવાદના ઓછાયામાં હોવાને કારણે એમની સુરક્ષાનો પ્રશ્ન ઘણો જ પેચીદો બની રહે છે. ભાજપ સાથે સત્તામાં ભાગીદારી ભોગવતાં મહિલા મુખ્યમંત્રી મહેબૂબા મુફતીનું અલગતાવાદીઓ પ્રત્યેનું વલણ કોઈથી અજાણ્યું નથી. રાજય સરકારને અમરનાથ યાત્રા પર થનાર સંભવિત હુમલાની આગોતરી ખબર હોવી જોઈએ, અને એને અટકાવવા માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવી એ એની ફરજ હતી. કદાચ એકાદ-બે દિવસ યાત્રા સ્થગિત કરવી પડે તો એમ કરીને પણ યાત્રાળુઓની સુરક્ષા કન્ફર્મ કરવાની જરૂર હતી. હવે રાજયનું તંત્ર અને અમરનાથ શ્રાઈન બોર્ડ જે બસ પર હુમલો થયો એણે રજિસ્ટ્રેશન નહીં કરાવ્યું હોવાનું બહાનું કાઢી જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરે છે, જે કોઈ પણ માપદંડથી ઉચિત નથી. રજિસ્ટ્રેશન કરાવ્યા વગરના વાહનને કાશ્મીરની પોલીસે અગાઉથી જ અટકાવવી જોઈતી હતી. એવું કશું થયું નથી અને બસને સીઆરપીએફની સુરક્ષા ટુકડી વગર જ આગળ વધવા દીધી છે, તે ગંભીર ભૂલ હતી. અલબત્ત, યાત્રાળુઓએ પોતે જ રજિસ્ટ્રેશન કરાવ્યા પછી બસ ઉપાડવી જોઈતી હતી. યાત્રાળુ બસ પર ગુજરાતની ઓળખ પ્લેટ જોઈને હુમલો કરાયો હોવાની સંભાવના પણ નકારી શકાય એમ નથી. આ ઘટનાથી જમ્મુ અને કાશ્મીર સરકાર માટે તો નીચાજોણું થયું જ છે, સાથે જ ભારતીય જનતા પાર્ટીનાં સર્વોચ્ચ વર્તુળોમાં પણ એના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય પ્રમુખની ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમો બંધ રહ્યા છે. તેમ જ રાષ્ટ્રપતિ પદ માટેના એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદની મુલાકાત પણ રદ થી છે. પ્રશ્ન એ નથી કે યાત્રાળુઓ ગુજરાતના હતા કે દમણનાં : પ્રશ્ન તો છે આવી યાત્રાના આયોજનમાં રહેલી ખામીનો. વર્ષો પૂર્વે આવો જ હુમલો થયો હતો અને અત્યારે થઈ રહ્યો છે એથી ઘણી વધારે જાનહાનિ થઈ હતી. છતાં સરકારી તંત્ર કે ખુદ શ્રદ્ધાળુ પ્રજા પણ આ મુદ્દે બેદરકાર રહેતી હોય તો એને બરફાની બાબા પણ ન જ બચાવી શકે!

# કાકા મને તો અત્યારે રંગબેરંગી છત્રીના સપના આપે છે



નવાં કલેવર
નટવર હેડાઉ

અષાઢી મેઘ બરાબર વરસી રહ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે ગાજી રહેલો વરસાદ અટકશે જ નહીં એમ લાગતું હતું. ચ્હાની લારીવાળા એ બાંધેલ પ્લાસ્ટિક ના છાપરાં નીચે ત્રણ-ચાર પુરુષોની સાથે મજુરણ સવિતાની છોકરી રમલી પણ પોતાના ઘેરદાર ઘાઘરાને બચાવવા છાપરાં નીચે સંકોચાઈને ઊભી હતી.

જે લોકો પાસે પૈસા હતા. તે ચ્હા બનાવડાવવા લાગ્યા. રમલી પાસે આજ ચ્હાના પૈસા નહોતા.

પલડવાથી તેના શરીરમાં ધ્રુજારી આવી રહી હતી... બે ત્રણ છીંકો પણ આવી. ભીના કપડાંમાં તે પોતાની જાતને ઓઢણીથી છુપાવવાનો પ્રયત્ન કરી રહી હતી.

તે ચમકતી નજરે ચ્હાની ચૂસકીઓ લેતા લોકોને જોઈ રહી. પછી મન મનાવવા બાજુમાં ઝાડની ડાળ પર લટકાવેલા ગ્રાહકોની છતરીઓને જોવા લાગી. માખીઓ ચારેબાજુ મણમણી રહી હતી. આજે પણ તેની પાસે છતરી નથી. છત્રી હોત તો આમ ટાઈમ બગડત નહીં. વરસાદ કોણ જાણે કયારે અટકશે. ઉપરથી માં આડુઅવળું વિચારતી હશે. પણ કરવું શું ?

'ઉતાવળે જાવું ને ઉતાવળે પાછા આવવું' માના શબ્દો તેના કાનમાં ગુંઝવા લાગ્યા. ઓઢણી આઘીપાછી કરતાં એ રસ્તા પર દૂર દૂર સુધી જોવા લાગી. વરસાદ અહીં તો ધોધમાર વરસી રહ્યો છે. કોણ જાણે કયારે અટકશે.

ચ્હાની લારીવાળો બાપુનો ઓળખીતો હતો. તેણે રમલીને ચિંતામાં જોઈ કહ્યું.

'છોકરી શું વિચાર કરે છે? ધોળે દિવસે સપનાં જૂએ કે શું?'

રમલી ચ્હાવાળા કાકા તરફ ફરીને બોલી. 'કાકા મને તો અત્યારે રંગબેરંગી છત્રીના સપના આપે છે.'

'કેમ ?' ચ્હાવાળા કાકાએ બાળબુદ્ધિ જેવી તેની વાતથી ચોંકીને રમલી તરફ જોયું અને પછી વાતથી ચોંકીને રમલી તરફ જોયું અને પછી વાતને ઉડાડી દેતાં હંસી પડ્યો.

'નાની હતી ત્યારે તો વરસાદમાં બધુ ન્હાતી. ખરું ને, તો હવે કેમ ગભરાય છે?'

રમલી હવે ચૂપચાલ ઘડીકમાં કાકાના ક્રિયાકલાપને અને વળી પાછી ચિંતામાં વરસતા મુશળધાર વરસાદને જોતી હતી.

ચ્હાવાળા કાકા ડીસ્પોઝલ કપમાં ચ્હા ગાળી રહ્યા હતા. બે ઘુંટડા પીવડાવી ન શકે મખ્ખીચૂસ તે મનમાં વિચારવા લાગી. તે વખતે જ કાકાએ રમલીને બુમ પાડી.

'લે ઘૂંટડો ચ્હા પી લે, ગરમાગરમ છે. છોકરી તું તો ભીંજાઈને ધ્રુજી રહી છે.'

કપની ગરમ ચ્હા બે ઘૂંટડામાં તે ઘટઘટાવી ગઈ. ચ્હા પી લેતાં જ તે જવા ઉતાવળી થઈ.

'કાકા જુઓ ને કલાક બગડ્યો. આજે માં વઢશે. વરસાદનું જોર બહુ છે. અટકે એમ લાગતું નથી.'

તેણે ઘાઘરાને સંકોર્યા. આઢણી સરખી કરી અને ચાલવા લાગી. 'અરે છોકરી ચત્રી લઈજા, વરસાદ આજ અટકે એમ નથી લાગતું.'

તે જરા અટકી. તેણ ચ્હાવાળા આધેડ કાકા તરફ જોયું. તે રમલીની ભીંજાયેલી કાકાને જોઈ રહ્યો હતો. તે વાત રમલી જાણી ગઈ છે તેમ લાગતાં જરા ખમચાઈ ને બોલ્યો.

ચાલ, છોકરી તું ય શું યાદ કરીશ. આજથી મારી છતરી તારી.

# હેપી લાઈફનો ફંડા : ઑલવેઝ બી-પ્લસ — પૉઝિટિવિટી



ગુલમહોર
દિનેશ દેસાઈ

પ્રમુખ સ્વામીએ કહ્યું છે કે ''પ્રાર્થના એક એવું શસ્ત્ર છે કે જેની નકલ શત્રુ પણ કરી શકે નહીં.'' ભગવાન સ્વામિનારાયણના સ્વમુખે કહેવાયેલ વચનામૃત નવમું (પાડા ખારનું)માં શ્રીજી મહારાજે નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે કે ''જેને એવી મલીન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહીં, પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે, એવો જે હોય તેને સાધુ કહીએ કે ના કહીએ? જે એવો હોય તેને તો સાધુ ના કહેવાય.''

આંટી ચાર પ્રકારની ગણાવી શકાય. (૧) હવામાં લીટી, (૨) પાણીમાં લીટી, (૩) લોટમાં લીટી અને (૪) લોખંડમાં લીટી. હવામાં લીટી કરી જુઓ. હવા બે ભાગમાં વહેંચાઈ જશે પરંતુ કોઈને કશી જ ખબર નહીં પડે. માત્ર તમારી એકશન જ બીજી વ્યક્તિ જોઈ શકશે. પાણીમાં લીટી દોરીએ તો એકશન દેખાવાની સાથે પાણી સહેજ આઘું-પાછું થયેલું જણાશે અને કાચી સેકન્ડમાં તો પાણી સરખું થઈને પૂર્વવત્ થઈ જશે. જ્યારે લોટમાં લીટી દોરીએ તો દેખાશે પણ પાછી ફૂંક મારી દો તો લોટ સરખો થઈ જશે અને કોઈને ખ્યાલ પણ નહીં આવે. હવે લોખંડ ઉપર લીટી કરવી હોય તો લોખંડને ગરમ ભઠ્ઠીમાં તપાવવું પડે એ પછી ઘણ વડે ઘા મારવો પડે ત્યારે ભુંસાય નહીં તેવી લીટી પડી જશે.

આંટી ક્યારે પડે? સંબંધમાં તિરાડ ક્યારે પડે? કોઈ સાથે મનદુઃખ ક્યારે થાય? આપણે સૌ કોઈમાં ગુણદૃષ્ટિ રાખીએ તો તિરાડ જ ના પડે. સામેની વ્યક્તિમાં હંમેશા ગુણ જોવા યાને પૉઝિટિવિટી અને પોતાના અવગુણ વિશે સતત જાગૃત રહેવું. હવામાં પણ લીટી ના પડે તેની કાળજી લેવી.

હેપી લાઈફનો ફંડા છે, ઑલવેઝ બી પ્લસ — પૉઝિટિવિટી. દરેક વ્યક્તિનો સ્વભાવ જન્મજાત હોય છે. તેને આપણે બદલી શકીએ નહીં, પરંતુ દરેક વ્યક્તિ પ્રત્યે આપણે પૉઝિટિવ તો અવશ્ય બની શકીએ. દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ગુણ હોય છે, એને આવકારીએ. ગુજરાતી કહેવત પણ છે કે ''પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય.'' એટલે કે આપણે કોઈને સ્વેચ્છાએ સુધારી શકીએ નહીં. એક વાર શ્રીજી મહારાજ નાગરકા ગામે વિચરણમાં આવ્યા. જે હરિભક્તના ઘરે ઉતારો હતો તે હરિભક્તની ઘોડીનો સ્વભાવ એવો કે માલિક સિવાય કોઈ પણ વ્યક્તિ સહેજ પણ અડે તો ઘોડી પાછલા પગની લાત મારે.

**દરેક વ્યક્તિનો સ્વભાવ જન્મજાત હોય છે. તેને આપણે બદલી શકીએ નહીં, પરંતુ દરેક વ્યક્તિ પ્રત્યે આપણે પૉઝિટિવ તો અવશ્ય બની શકીએ, દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ગુણ હોય છે, એને આવકારીએ, બધા ધર્મો અને બધા શાસ્ત્રોનો સાર માત્ર પ્રેમ છે**

શ્રીજી મહારાજે આ વાત જાણીને નક્કી કર્યું કે ''આજે તો એનો સ્વભાવ મૂકાવવો જ છે.'' તેઓ સવારથી પેલી ઘોડી સામે એક લાંબી લાકડી લઈને બેઠા. ઘોડીને જેવી લાકડી અડાડવામાં આવે કે તરત ઘોડી પાછલા પગની લાતનો પ્રહાર કરે. શ્રીજી મહારાજ થોડી થોડી વારે લાકડી અડાડતા રહેતા. જે લાતનો પ્રહાર ૧૦૦ વૉટના કરંટ જેવો હતો તે ધીમે ધીમે ૯૯ અને ૯૮ અને ૯૭ એમ ઘટતો ગયો. બપોર સુધી તો ઘોડીની તાકાત ઘટતી ગઈ. તેની પાછલા પગની લાત મારવાની ક્ષમતા જાણે ઓછી થઈ ગઈ અથવા તે પગ ઊંચો કરવાની બાબતમાં કંટાળી ગઈ. સાંજ પડતા સુધી તો હવે ઘોડીને લાકડી અડાડો કે હાથ પણ અડાડો તો પ્રતિભાવ આપવાના બદલે શાંત જ ઉભી રહેવા લાગી. સાંજ સુધીમાં તો ઘોડીએ પોતાનો સ્વભાવ મૂકી દીધો.

આખા જગતને ચામડાથી મઢી શકાય નહીં, એના કરતા આપણે જ જૂતાં પહેરીએ, એનું નામ પૉઝિટિવિટી. સામેની વ્યક્તિના કોઈ પણ કાર્યમાં હકારાત્મક બનીએ અને પોતાના દરેક કાર્યમાં શ્રેષ્ઠ કરતા રહીએ. આપણે જે કોઈ કાર્ય કરીએ તેમાં પરફેક્શન યાને સચોટતા આવે ત્યારે સમય જતા જે તે કાર્યમાં નિપૂણતા પણ આપોઆપ આવી જાય છે.

શ્રીજી મહારાજે ગઢડા મધ્યના બીજા વચનામૃત (પાણીની સેરનું)માં કહ્યું છે કે ''જેને આત્યંતિક કલ્યાણ પામવું હોય અને નારદ-સનકાદીક જેવા સાધુ થવું હોય તેને એમ વિચાર કરવો જે આ દેહ છે તેને વિશે જીવ રહ્યો છે અને ઈન્દ્રિયો અંતઃકરણ છે, તે જીવ સાથે વળગી રહ્યાં છે અને ઈન્દ્રિયો ને અંતઃકરણ છે તે બહાર પણ પંચવિષયમાં વળગી રહ્યાં છે.''

ભગવાન સ્વામિનારાયણ તો આત્યંતિક કલ્યાણ માટે ઈન્દ્રિયો ઉપરના વિજયની સચોટ વાત કરે છે. પરંતુ સામાન્ય જીવનમાં અને રોજબરોજના વ્યવહારમાં પણ આ વાત આત્મ-શ્રેયસ્કર છે. એ વાત કબુલ કે ઈન્દ્રિયો ઉપર કાબુ ઘણી જ અઘરી બાબત છે, પરંતુ અશક્ય તો નથી.

પ્રભુ ઈસુ ખ્રિસ્તને ક્રુસ ઉપર ચઢાવવામાં આવ્યા એ પછી તેમના ૧૨ અંતેવાસી (શિષ્યો) સ્વદેશ છોડીને ઈટાલીના શહેર રોમ આવી ગયા હતા. એમાંના એક એટલે સૅન્ટ પીટર. તેઓને પ્રભુભક્તિનો પ્રસાર કરતા જોઈને રોમ સરકારે તેમનો વધ કરાવી દીધો હતો. બીજા શિષ્યોએ ભેગા મળીને વેટિકન નામની જગ્યાએ એક સ્મારક બનાવ્યું. જે આજે ''સૅન્ટ પીટર્સ હાઉસ'' નામે જાણીતું છે. અહીં સૅન્ટ પીટરના જીવન અને કાર્યની ઝાંખી જોવા મળે છે. સ્મારકનો ડૉમ ૪૫૦ ફીટ ઊંચો અને કલાત્મક છે.

મહત્વની વાત માનવજીવન અને એનું માહાત્મ્ય છે. પૃથ્વી પર જન્મ લેનાર માનવીની સરેરાશ આયુષ્યમર્યાદા સંશોધકો અને વૈજ્ઞાનિકોના મતે ૬૦ વર્ષ છે. સરેરાશ ૨૧,૬૦૦ દિવસ આપણે જીવી લેવાનું છે અને આપણું કાર્ય સિદ્ધ કરી લેવાનું છે. માનવ જીવન આંખના પલકારામાં વીતી જાય છે અને મોત કોઈની રાહ જોતું નથી કે કોઈની શરમ રાખતું નથી. નવધા ભક્તિ એ કળિયુગમાં ઈશ્વરને પામવાનો સાધનામાર્ગ છે. બધા ધર્મો અને બધા શાસ્ત્રોનો સાર માત્ર પ્રેમ છે.

જસ્ટ ટ્વીટઃ-

''ધૃણા કરવાનું કાર્ય શેતાનનું છે, પ્રેમ કરવાનું કાર્ય દેવતાનું છે.''

—મહર્ષિ ભર્તૃહરિ

# 'માનવરત્ન' એવોર્ડ...!! કામની પેશનથી મેન, મેનેજમેન્ટ અને મશીન વચ્ચે માનવતાનો ઈલ્કાબ...!!





Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

'સાંભળ્યું, પટેલ સાહેબ રિટાયર્ડ થાય છે?' આ વાત કાનોકાન કલ્પતરૂ કંપનીમાં ફરી વળી અને જાણે કે એક ભૂકંપ આવ્યો.

'શું વાત કરે છે? અચાનક? ના, આપણે બધા એમને મળવા જઈએ અને સમજાવીએ કે, 'તમારા સિવાય અમારું કોણ?'

જયારે કલ્પતરુ કંપનીમાં પટેલ સાહેબ રિયાયર્ડ થાય છે એ વાત વાયુવેગે ફરી વળી એટલે કેટલીય આંખો છલકાઈ ઊઠી. સમાચાર પાક્કા કરવા એકબીજાને ફોન કર્યા, અને છેલ્લે કેટલાંક તો એમની કેબીનમાં જઈને સ્ટેચ્યુ થઈ ગયા.

કોઈ એક અધિકારી વયમર્યાદાને કારણે નિવૃત્ત થાય અને બે-ચાર વર્કર કે સ્ટાફ નહીં પણ એમની સાથે સંકળાયેલા બધાં જ એક છત્રછાયા ગુમાવ્યાનો અહેસાસ કરે!

જી હા, ૩૩ વર્ષની કારકિર્દીમાં ઓર્ડિનરીથી એક્સ્ટ્રા ઓર્ડિનરી સુધીની સફર કાપનારા વડનગરના વતની દિનેશભાઈ બ. પટેલ એટલે અધિકારીથી એક ડગલું આગળ એવા સૌના માનીતા સાહેબ... એન્જિનીયરથી શરુ કરી કંપનીના સીઈઓ અને છેક છેલ્લે ડાયરેકટર સુધીનું પ્રમોશન છતાં એ સામાન્ય મજદૂરથી લઈ મુખ્યમંત્રી સુધીનો સમભાવ ધરાવતાં અસ્સલ દેશી મિજાજના અધિકારી...

કંપનીમાં દરેક ડિપાર્ટમેન્ટ એમને સન્માનભેર વિદાય આપવા અલગ અલગ ફેરવેલ પાર્ટી સાથે એમના સંસ્મરણો વાગોળતા હતા...

'પટેલ સાહેબ કાયમ કહેતા કે, 'આ રવિવાર શું કામ આવે છે?' એ હંમેશા રવિવારે કામ કરવા આવતા. ફેકટરીમાં કારીગરો અને સ્ટાફ ન દેખાતા નારાજ થયા. એક દિવસ એક પ્રોબ્લેમ આવ્યો, તેઓ એ સોલ્વ કરવા જાતે રોકાયા, બપોરની સાંજ અને રાત પડી, બહાર ધોધમાર વરસાદ, ફોન નહોતા, પરિવાર એમની રાહમાં જાગતો બેસી રહ્યો, એ બીજે દિવસે છેક બપોરે પ્રોબ્લેમ સોલ્વ કરીને પહોચ્યા. ઘર-પરિવારની અકળામણ અને ગુસ્સાનો જવાબ એક જ વાક્યમાં આપ્યો, 'હું તો આ રીતે જ કામ કરીશ, તમે ટેવાઈ જાવ.' આ હતી એમની કામની પેશન.'

બીજા સ્ટાફ મેમ્બરે પર્સનલ કિસ્સો ટાંકતા કહ્યું, 'હું મેનેજર બન્યો પણ ડ્રેસિંગ સેન્સ નહીં. પટેલ સાહેબ કહ્યું, 'દોસ્ત, બ્લેઝર સીવડાવી લે, હું તને શોપમાં લઈ જઈશ.' અને સાચ્ચે જ છ મહિના બાદ એમણે શોપમાંથી ફોન કર્યો, આવી જા. હું ત્યાં પહોંચ્યો એમણે શેડ પસંદ કર્યો, માપ લેવડાવ્યું અને મેડમે શર્ટ પસંદ કરી શુટ તૈયાર કરાવ્યો. એક સામાન્ય સ્ટ્રાફ મેમ્બરનું આટલું ધ્યાન કોણ રાખે?'

**તું જ મારું યંત્ર થઈ જા, ધ્યાન થઈ જા, મંત્ર થઈજા,**
**અન્યનો આધાર છોડી, સર્વતંત્ર સ્વતંત્ર થઈ જા!**
**- મકરંદ દવે**

'મને તો પટેલ સાહેબ વિશ્વકર્મા પૂજાના દિવસે સ્પિચ આપે એ સાંભળવી અને એમાંથી કંઈ શીખવા મળે એટલે ખાસ ગમતી. 'કરના હૈ તો કરના હૈ' જેવા ખુમારીભર્યા સ્લોગન અને વર્કરનો જુસ્સો વધવાથી લઈ કોઈ પણ જાતના વરખ વગરની હરખથી બોલાતી એમની વાણી સીધી હૃદયમાં ઉતરતી, આપણે ભારતની અન્ય કંપનીઓનાં ડાયરેટર અઝીમ પ્રેમજી, નારાયણમૂર્તિ, મુકેશ અંબાણી કે તાતા - બીરલાથી અંજાઈએ છીએ પણ આપણી આસપાસ રહેતા આ પટેલ સાહેબ જેવા પ્રતિભાશાળી વ્યક્તિત્વથી એટલા યુઝ ટુ થઈ જઈએ કે એમનામાં એ ગુણ જોઈ ન શકીએ.'

એક વર્કશોપના અધિકારીએ એમની લીડરશીપના ગુણગાન ગાતાં કહ્યું કે, 'સાલું કામનું ગમે તેટલું હોમવર્ક કરીને જઈએ, એ કંઈક આઉટ ઑપ સિલેબસ જ પ્રશ્ન ફેંકે. એમના માટે તો એટલું જ કહેવું પડે કે જયાંથી આપણી વિચારશક્તિ અટકે ત્યાંથી તો એ વિચારવાનું શરુ કરે છે. એકવાર એક એકસપોર્ટ ઓર્ડરમાં વેલ્ડિંગ પ્રોબ્લેમથી કરોડોની પેનલ્ટી લાગી જે એમને મટી ગઈ. એ જ કલાયન્ટને ફરી એ જ ટાવરની જરૂર પડી અને પટેલ સાહેબ એમની બિઝનેશ ગટ્સ બતાવતાં જુની ભરપાઈ સાથે નવો તગડો નફો અને ઈન્સેન્ટીવ મેળવ્યું. અને નફો માત્ર કંપનીના ચોપડે જમા ન કરાવતાં એ પ્રોજેક્ટમાં કામ કરતાં સૌને નફામાં ભાગીદાર બનાવ્યાં, આવું તો પટેલ સાહેબ જ કરી શકે.'

પોતાના કામ અને સાથે સ્ટાફની આત્મીયતા સાથે પેશનથી કામ કરતા પટેલ સાહેબને ચારેક વર્ષ અગાઉ એક આંતરડાની સર્જરી કરવાની નોબત આવી. એમની આ બિમારી અને ઓપરેશન માટે કલ્પતરૂ કંપનીના સ્ટાફ અને વર્કરોએ અલગ અલગ બાધા રાખી. મહુડી પદયાત્રા કે ડભોડા હનુમાન કે પછી પોતપોતાના ઈષ્ટદેવ એક જ પ્રાર્થના કે અમારાં પટેલ સાહેબ સાજા-સારાં થઈ જાય... દવા અને દુઆ બંને ફળી અને એ ફરી બમણાં જોશથી કામે લાગ્યા. સર્જરી પછીના ફોલોઅપ માટે જયારે મુંબઈ જતાં ત્યારે પણ એની ફલાઈટ અને ડૉકટરની એપોઈન્ટમેન્ટ સેટ કરતાં કે પહેલાં મુંબઈ ઑફિસ કામ કરે અને પછી દવાખાને! આ જમાનામાં આટલું વર્ક ડેફિનેશન કયાં જોવા મળે?? એ કામને બર્ડન નહીં પણ પેશન તરીકે લેતા હતા. કોઈ પણ કામનું એનેલેટીકલ ડિસ્કશન કરી માત્ર કોમ્પ્યુટર ડેટાને ભરોસે બેસી ન રહેતા જાતે એસેમેન્ટ કરે, અને એટલે પોતાના ડેટા પર કાયમ રહે. કંપનીમાં કોઈ પણ કામ અટકે રામબાણ ઈલાજ તરીકે પટેલ સાહેબની કેબીન, ત્યાં પહોંચેલો દરેક પ્રોબ્લેમ સોલ્વ થઈને જ બહાર આવે એવી સૌની શ્રદ્ધા...

કોઈ અધિકારીને માત્ર એના હોદ્દાને કારણે માન નથી પણ એ માટે દિલમાં જગ્યા કરવી પડે છે. એ માણસાઈના દિવા હતા. કોઈ પણ સભ્યના પારિવારીક દુઃખ તકલીફમાં હંમેશા હાજર રહેતા. એક અકસ્માતમાં જયારે કારીગરનું મૃત્યુ થયું ત્યારે એમને પોતાને કેથટેકર બેગ લટકાવેલી હોવા છતાં, અને અશક્તિ હોવા છતાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ પત્યો નહીં ત્યાં સુધી હાજર રહે, અને એના પરિવારને સાંત્વના આપવા પણ જાય. કંપનીના વેલ્ફેરના પૈસા કર્મચારીને એફ.ડી. કરી જાતે આપી આવે... કેટકેટલી વાતો એમની સાથે સંકળાયેલી છે.

એમણે પોતે એમની સક્સેસ સ્ટોરી કહેલી ત્યારે પોતે જાહેરમાં રડી પડેલા અને છેલ્લી વાર કંપનીમાંથી વિદાય લેતા એમને જે પણ ભેટતાં એમની આંખો છલોછલ હતી. કંપનીના પૂર્વ એમ.ડી. એ એટલે જ કહેલું કે, 'એમની જગ્યાએ કોઈ આવી શકે, પણ એમની જગ્યા કોઈ નહીં લઈ

અનુસંધાન પાના નં. ૭ પર